નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પીઓએલ/૨૦૦૭/૩૨
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા. ૨૫ – ૦૯ – ૨૦૦૭.

:–: પ રિ પ ત્ર :–:

વિષય:– નિગમની વસાહતોમાં રહેણાંકના પ્લોટોની ફાળવણી બાબતની નીતિમાં અંશતઃ સુધારા બાબત.
રહેણાંક સોસાયટીને ફાળવવામાં આવતાં પ્લોટ બાબત.

સંદર્ભ:– (૧) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પીઓએલ/૫૦૯/૯૫ તા.૧૭–૦૫–૧૯૯૫.
(૨) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/ર.સુ./હાઉસીંગ પોલીસી/પાર્ટ–૨/૩૧/૬૨૬/૯૫ તા.૦૪–૦૯–૧૯૯૫.
(૩) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/ર.સુ./પીઓએલ/પી–૩/૩૧/૬૮૦/૯૬ તા.૨૧–૧૧–૧૯૯૬.
(૪) પરિપત્ર ક્રમાંક.ઓએન્ડએમ/સીઆઈઆર/ર.સુ./પીઓએલ/૩૧/૬૮૪/૯૭ તા.૨૧–૦૧–૧૯૯૭.
(૫) પરિપત્ર ક્રમાંક.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/એચએન્ડએ/રહેણાંક નીતિ/પીઓએલ/૨૦૦૪/૨૨ તા.૨૨–૦૯–૨૦૦૪.

:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:–:

નિગમ દ્વારા સ્થાપવામાં આવતી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગોને આવશ્યક આનુષાંગિક સુવિધાના એક ભાગરૂપે નિગમ દ્વારા કેટલીક વસાહતોમાં રહેણાંક ઝોનનું આયોજન થયુ છે. ઔદ્યોગિક વસાહતોના રહેણાંક ઝોનમાં ઔદ્યોગિક એકમના માલિકો અને એકમના કર્મચારીઓને ચોકકસ શરતોએ રહેણાંક માટે જમીન ફાળવવામાં આવે છે. પ્રવર્તમાન નીતિ અનુસાર ઉદ્યોગના કર્મચારીઓની બનેલી રહેણાંક સોસાયટીને ઉપલબ્ધ વિસ્તારના ચોકકસ મર્યાદામાં જમીન ફાળવવાની બાબત નિગમે સ્વીકારી છે. પરંતુ, કર્મચારીઓને રહેણાંક સોસાયટીને જમીન ફાળવવાની પ્રક્રિયામાં જે તે ઔદ્યોગિક એકમ વચ્ચે રહેતું નથી, તેથી ઉદ્યોગના કર્મચારીઓની સોસાયટીને વિતરણ થયેલા પ્લોટોના ઉપયોગ અને સોસાયટી દ્વારા બનાવેલા ફલેટની તબદીલી જેવી તમામ કાર્યવાહીમાં ઔદ્યોગિક એકમ સંકળાયેલું રહેતુ નથી. ઉદ્યોગના કર્મચારીઓને રહેણાંક સોસાયટી માટે ફાળવવામાં આવતી જમીનની બાબતમાં ઔદ્યોગિક એકમો આગળ આવે અને યોગ્ય ભૂમિકા અદા કરે તે હેતુથી નિગમની તા.૦૩–૦૮–૨૦૦૭ ના રોજ મળેલ ૪૩૪મી સભા સમક્ષ એક દરખાસ્ત રજુ થઈ હતી. નિગમ સમક્ષ રજુ થયેલી દરખાસ્તના અનુસંધાને નિગમે કરેલા ઠરાવ ક્રમાંક.૪૭/વિતરણ/૪૩૪/૦૭ થી રહેણાંક સોસાયટીને ફાળવવામાં આવતાં પ્લોટની નીતિમાં અંશતઃ સુધારો કરી નીચેની બાબતો અમલમાં મુકવા નિર્ણય થયો છે.

૧) કો–ઓપરેટીવ સોસાયટીની અરજીને (અ) કોઈ એક ઔદ્યોગિક એકમ પ્રમાણિત કરે. (બ) મુખ્ય પ્રયોજકની ભૂમિકા ઔદ્યોગિક એકમ ભજવે અને (ક) સોસાયટીમાં એક ફલેટ કે એક યુનિટ ઔદ્યોગિક એકમ પોતાના નામે રાખે.

(૨) એક કરતાં વધારે ઔદ્યોગિક એકમો સાથે મળીને કોઈ રહેણાંક સોસાયટીને માન્યતા આપતા હોય ત્યારે આવા વિવિધ ઔદ્યોગિક એકમો પૈકીનાં કોઈ એક ઔદ્યોગિક એકમ મુખ્ય પ્રયોજકની ભૂમિકા ભજવે અને તેમા તમામ ઔદ્યોગિક એકમ સોસાયટીના સભ્ય તરીકે એક એક ફ્લેટ ઔદ્યોગિક એકમના નામે રાખે.

(૩) આ પ્રકારની રહેણાંક સોસાયટીમાં તબદીલ થતાં ફ્લેટ કે યુનીટ અંગે મુખ્ય પ્રયોજક એવું ઔદ્યોગિક એકમ સમર્થન આપે.

(૪) રહેણાંક સોસાયટીને વિતરણ થતી જમીનની ૧૦૦ ટકા કિંમત એકીસાથે વસુલ મેળવવાની બાબત યથાવત રાખવામાં આવે.

નિગમની રહેણાંકના પ્લોટના વિતરણની પ્રવર્તમાન નીતિમાં ઉપર મુજબના અંશતઃ સુધારાઓ સિવાય પ્રવર્તમાન નીતિનો યથાવત અમલ કરવો. આ સુચનાઓનો અમલ કરવા તમામ વિતરણ અધિકારીઓને સુચના આપવામાં આવે છે. જેની તમામે નોંધ લેવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
- નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
- નિગમની વસાહતોના માન્ય ઔદ્યોગિક મંડળો તરફ.
- ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ.
- એડીટર ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન ટાઈમ્સ.
- ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ.

રવાના કર્યુ.
મેનેજર(મહેકમ)